# વિનંતી છે : તંત્ર સાચા આંકડા આપે

## સ્થાનિકતંત્ર, રાજ્ય સરકાર અને વાસ્તવિકતા વચ્ચે મોટુ અંતર : શહેરની હોસ્પિટલો હાઉસફુલ

ગાંધીનગર, તા. ૨૧ ગાંધીનગર શહેર અને જિલ્લામાં કોરોનાના વધતા કેસને પગલે સ્થિતિ ભારે ચિંતાજનક બની રહી છે. શહેરમાં શનિવારે વધુ ૫૩ અને જિલ્લામાં વધુ ૩૬ પોઝીટીવ કેસ આવતા નાગરિકોમાં ભારે ભયની લાગણી પ્રસરી છે. શહેરની સિવિલ હોસ્પિટલ અને બે ખાનગી હોસ્પિટલો લગભગ હાઉસફુલ થઈ ચુકી છે. ડિસ્ચાર્જ થતા કેસની સામે દાખલ થનારા કેસની સંખ્યા વધતા હોસ્પિટલ સત્તાવાહકો મુંઝવણમાં મુકાયા છે. ગઈકાલે રાત્રે સિવિલ હોસ્પિટલમાં ઓક્સીજનવાળા બેડ હાઉસફુલ થતાં નવા દર્દીઓને દાખલ કરવા માટે સત્તાવાહકોએ અસમર્થતા દર્શાવી હતી. જો કે આજે ૧૯ દર્દીઓ ડિસ્ચાર્જ થતાં લગભગ આજના બધા જ દર્દીઓને સમાવી લેવાયા છે પરંતુ હવે ઓક્સિજનની જરૂરીયાતવાળા દર્દીઓને કલોલ, પાટણ કે હિંમતનગર જવાની જરૂર પડશે.




આ ઉપરાંત આશ્કા અને સ્વામિનારાયણ બંને હોસપિટલોમાં ક્ષમતા કરતાં વધુ દર્દીઓને સારવાર અપાઈ રહી છે. મોડી રાત સુધી વધુ બે ખાનગી હોસ્પિટલોને કોરોના દર્દીઓની સારવાર માટે પરવાનગી આપવાની શક્યતા છે. જેથી વધુ ૪૦ જેટલા દર્દીઓને સારવાર આપી શકાય.

ગાંધીનગર શહેર અને જિલ્લાના સ્થાનિકતંત્રો હજુ પણ પોઝીટીવ કેસના આંકડા છુપાવી રહ્યા છે. વાસ્તવિકતા સાથેની વિસંગતતા એટલી મોટી છે કે સાચી સ્થિતિ અને દર્શાવાતી સ્થિતિ વચ્ચે ચાર ગણી ખાઈ ઉભી થઈ છે. રાજ્ય સરકાર દ્વારા આજે શહેરના ૫૩ અને જિલ્લાના ૩૬ કેસ દર્શાવાયા છે. જ્યારે સ્થાનિક તંત્ર દ્વારા અનુક્રમે ૩૫ અને ૩૦ દર્શાવાયા છે. પરંતુ વાસ્તવિકતા તો એનાથી પણ જુદી છે. ગાંધીનગર શહેરને ત્રણેય ખાનગી પેથોલોજી લેબોરેટરીમાં ૪૮ કેસ પોઝીટીવ મળી આવ્યા છે. સિવિલ હોસ્પિટલના આરટીપીસીઆર ૨૮ જ્યારે એન્ટીજન ટેસ્ટમાં ૭૨ થી વધારે પોઝીટીવ આવ્યા છે. જ્યારે જિલ્લા પંચાયતના આંકડા જુદા છે. આમ વાસ્તવિક સ્થિતિ અને દર્શાવાતી સ્થિતિમાં ભારે વિસંવાદિતતા છે. સ્થાનિકતંત્ર, રાજ્ય સરકાર અને વાસ્તવિક આંકડા સમાન બનશે ત્યારે સમાજમાં એક વિશ્વાસનું વાતાવરણ બનશે અને ત્યારે સતર્કતા આવશે. ઓછા આંકડા દર્શાવવાથી બેદરકારી વધી છે અને સ્થાનિકતંત્ર અને સરકારને હજુય સમય છે કે સાચી પરિસ્થિતિ પ્રજા સમક્ષ મુકે.

**શહેરની હોસ્પિટલોની આજની સ્થિતિ**

| કેસ | સિવિલ હોસ્પિટલ | આશ્કા હોસ્પિટલ | એસએમવીએસ હોસ્પિટલ | કુલ |
|---|---|---|---|---|
| દાખલ દર્દી | ૨૪૬ | ૯૯ | ૩૦ | ૩૭૫ |
| ઓક્સીજન | ૧૬૨ | ૪૨ | ૧૬ | ૨૨૦ |
| વેન્ટીલેટર | ૨૩ | ૧૭ | ૦૧ | ૪૧ |
| શંકાસ્પદ | ૩૬ | - | - | ૩૬ |

# અમદાવાદમાં વધેલા સંક્રમણ માટે લોકો જવાબદાર : ડો. સિંઘ

### ડો. એસકે સિંઘના નેતૃત્વમાં આવેલી ત્રણ સભ્યોની ટીમે અમદાવાદની એસવીપીની મુલાકાત બાદ ખુલાસો કર્યો

અમદાવાદ, તા. ૨૧ દિવાળી બાદ કોરોનાના કેસ વધતા જતા કેન્દ્ર સરકારની ટીમ અમદાવાદ એસવીપી હોસ્પિટલ ખાતે આવી પહોંચી હતી અને કોરોના કેસના ટેસ્ટિંગ અને સંક્રમણ રોકવા અંગે વિશેષ સમીક્ષા કરીને ગુજરાત સરકારના આરોગ્ય વિભાગને કેટલાક સૂચનો કર્યા છે. ગુજરાતમાં કોરોના વાયરસ સંક્રમિત કેસોની સંખ્યામાં દિવસે-દિવસે વધારો થઈ રહ્યો છે. ત્યારે કોરોના વધુ વકરે નહીં તે માટે ભારત સરકારના આરોગ્ય મંત્રાલયના ડૉ. એસ.કે.સિંઘની અધ્યક્ષતામાં અન્ય ૩ નિષ્ણાંત ડોકટરો ગુજરાત આવ્યા છે.

ગુજરાતમાં કોરોનાનું સંક્રમણ રોકવાની વિશેષ જવાબદારી ડો.એસ.કે.સિંઘને સોંપવામાં આવી છે. ત્યારે ભારત સરકારના તજજ્ઞ ડોકટરોની અમદાવાદ એસવીપી હોસ્પિટલ ખાતે પહોંચી છે અને અમદાવાદ ઉપરાંત અન્ય મહાનગરોમાં કોરોના સંક્રમણની સ્થિતિ અંગે સમીક્ષા કરી હતી.બાદમાં તેમણે મીડિયા સાથે પણ વાતચીત કરી હતી દરમિયાન તેમણે જણાવ્યું હતું કે, શા માટે કોરોના રાજ્યમાં અને સૌથી વધુ અમદાવાદ શહેરમાં વકર્યો.

કેન્દ્રની ટીમે કહ્યું હતું કે,દિવાળીમાં થયેલી લોકોની ભીડભાડને કારણે શહેરમાં કોરોના વકર્યો છે. તહેવારો દરમિયાન લોકોની બેદરકારીને કારણે આ પરિણામ સામે આવ્યું છે. વધતા જતાં સંક્રમણ માટે તંત્ર નહીં પરંતુ લોકો જવાબદાર છે.

ઉલ્લેખનીય છે કે કોરોનાના વધતા કેસને લઈને સરકાર હરકતમાં આવી હતી. જે બાદ સરકાર દ્વારા શુક્રવાર રાતે ૯ વાગ્યાથી લઈને સોમવારે સવારે ૬ વાગ્યા સુધી ૫૭ લાકનું કરફ્યૂ અમદાવાદ શહેરમાં આપવામાં આવ્યું છે ત્યાં જ રાજકોટ, વડોદરા અને સુરતમાં રાત્રી કરફ્યૂ લગાવવામાં આવ્યો છે.



### ઈન્ફોસીટી વિસ્તારમાં ફ્લેગ માર્ચ યોજાઈ

ઈન્ફોસીટી વિસ્તારમાં પોલીસ મથકની તમામ મોબાઈલ વાન તેમજ પીસીઆર વાન સાથે તમામ વિસ્તારમાં ફ્લેગમાર્ચ યોજાઈ હતી. દરેક ભીડભાડવાળી જગ્યા પર જઈને નાગરીકોને કોરોના કહેર વચ્ચે કામ સિવાય ઘરની બહાર નહી નીકળવા માટે અપીલ કરાઈ હતી.

## હવે, ગાંધીનગરમાં પણ કઠોર નિયંત્રણોનો સમય આવી પહોંચ્યો છે

**સમયસર**

ગાંધીનગરમાં કોરોનાના સંક્રમણને નાથવા કઠોર નિયંત્રણો મુકવા સરકાર વિચારી રહી છે, પરંતુ યોગ્ય સમયની રાહ જુએ છે. ત્યારે કહેવુ છે કે આ યોગ્ય સમય છે. જેટલો વિલંબ થશે તેટલું નુકશાન વધશે. ગાંધીનગરના સત્તાવાર આંકડાઓ ભલે ૫૦ કે ૫૨ રોજના હોય પરંતુ અમને મળતી માહિતી મુજબ છેલ્લા ત્રણ દિવસથી ૨૩૦ થી ૨૬૦ સુધીના કેસ રોજેરોજ વધી રહ્યા છે. શહેરની સરકારી અને બિનસરકારી હોસ્પિટલો હાઉસફુલ થઈ છે. ૧૧૦થી ૧૨૫ કોરોનાના દર્દીઓ ઘરે ઓક્સિજનના સિલેન્ડરથી સારવાર મેળવી રહ્યા છે ત્યારે કઠોર નિયંત્રણ માટે સરકાર કયા મુહૂર્તની રાહ જોઈ રહી છે. અમદાવાદમાં ૭૦ લાખની વસતિ સામે સત્તાવાર ૩૦૦ કેસ છે, જ્યારે ગાંધીનગરની ૩ લાખની વસતિ સામે સત્તાવાર કેસ ૫૨ છે જે અમદાવાદના પ્રમાણ કરતાં પાંચ ગણા કહી શકાય એમ છે. આમ ગાંધીનગરની સ્થિતિ અમદાવાદ કરતાં પણ ગંભીર છે.

ગાંધીનગરમાં સરકારી કચેરીઓમાં કર્મચારીઓ સામુહિક રીતે ફરજ બજાવે છે એટલે સંક્રમણની દહેશત પણ ખુબ વધારે રહે છે. શહેરના સેક્ટર-૨૧, ૨૪, ઈન્ફોસીટી, કુડાસણ અને સરગાસણના બજારો હજુ પણ ભીડથી ઉભરાય છે. સોશિયલ ડિસ્ટન્સ અને માસ્કના નિયમો કદાચ સચિવાલય સંકુલમાં કરાતા હશે બાકી અનેક વિસ્તારોમાં નિયમોનો ખુલ્લેઆમ ભંગ થાય છે. વહિવટીતંત્રએ તાકીદે ક્ષણનોય વિલંબ કર્યા વિના નિયંત્રણો લાદવા જોઈએ નહિ તો અમદાવાદની જેમ 'ઘોડા છુટી ગયા પછી તબેલાને તાળા'' મારવાનો વારો આવશે અને નગરજનોએ પણ કોરોનાની બિમારીને ગંભીરતાથી લેવી જોઈએ, આજની સ્થિતિએ પણ શહેરના ૪૦ દર્દીઓ વેન્ટીલેટર પર જીવનનો જંગ ખેલી રહ્યા છે. જ્યારે ૧૩૦ દર્દીઓ ઓક્સિજનના સપોર્ટથી જીવન બચાવી રહ્યા છે. આ આંકડા ગાંધીનગર શહેરના પ્રમાણમાં વધારે છે એટલુ જ નહિ ગંભીર છે. હોસ્પિટલોમાં જગ્યા નથી. આઈસીયુ વોર્ડ હાઉસફુલ છે ત્યારે હવે તો સારવાર માટે પાટણ, હિંમતનગર કે વડનગર જવાની નોબત આવી છે. ત્યારે સૌ નગરજનોને સાવચેતીપૂર્વક દૈનિક જીવન જીવવા અપીલ છે. સાવધાની જ કોરોના માટેનો ઉપચાર છે.

શાસન અને સમાજ સંયુક્ત પ્રયાસ કરે ત્યારે જ કોરોના સામેનો જંગ જીતી શકીશુ એમાં બેમત નથી. શાસકો સાચી પરિસ્થિતિ સમાજને જણાવે અને સમાજ સરકારની સુચનાઓનો અમલ કરે તો જ આ યુદ્ધમાં જીતી શકાશે. આજે સ્થિતિ વિચિત્ર એ છે કે સરકાર સાચા આંકડા આપતી નથી અને ઓછા આંકડાના કારણે નાગરીકો બિન્ધાસ્ત રીતે જીવે છે. પરિણામે કોરોના વકરે છે. આજથી તંત્ર પણ નિર્ણય કરે કે કેસના આંકડા અને મૃત્યુના આંકડા સાચેસાચા પ્રજા સામે જાહેર કરશે અને પ્રજા પણ નક્કી કરે કે સરકારની સુચનાઓનું શિસ્તબદ્ધ રીતે પાલન કરશે તો જ કોરોનાને હરાવી શકીશુ. હવે વિચારો નહીં અમલનો સમય આવી પહોંચ્યો છે. જીવન બચાવવાનો સમય આવી પહોંચ્યો છે. એકમેકને પુરક બનવાનો સમય આવી પહોંચ્યો છે.

# યુવાઓનું શિક્ષણ સમાજમાં રિફ્લેક્ટ થવું જોઈએ : રૂપાણી

અમદાવાદ, તા. ૬ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટીના આઠમાં પદવીદાન સમારોહમાં વિડીયો કોન્ફરન્સથી સંબોધનમાં પદવી ધારક છાત્રોને આહવાન કર્યું કે, દેશ અને સમાજના નિર્માણમાં પોતાનું શું યોગદાન આપી શકો છો એ તેમણે વિચારવું પણ એટલું જ જરૂરી છે. કેમ કે વેલ એજ્યુકેટેડ યુવા તરીકે તેમનું આ એજ્યુકેશન સમાજ અને દેશના સમાજિક વાતાવરણમાં પણ અવશ્ય રિફ્લેક્ટ થવું જોઈએ.

તેમણે કહ્યું કે પદવી-ડીગ્રી મેળવીને સારી નોકરી મેળવવી કે કારકીર્દી ઘડતર કરવું એ ધ્યેય ઉપરાંત સમાજ-રાષ્ટ્ર પ્રત્યેનું ઉત્તરદાયિત્વ અદા કરવું પણ એટલું જ આવશ્યક છે. તેમણે આ સંદર્ભમાં યુવાનોને પોતાના જીવનનાં વ્યક્તિગત, પારિવારિક, સામાજિક ઉત્થાનના ધ્યેયથી ઉપર ઉઠીને ગામ-રાજ્ય-રાષ્ટ્રના હિતનો સંકલ્પ – કોઈ લક્ષ્ય કે ધ્યેય રાખવાની પણ પ્રેરણા આપી હતી.

વિજય રૂપાણીએ પંડિત દીનદયાળજીના નામ સાથે જોડાયેલી આ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને દીનદયાળજીએ એકાત્મ માનવવાદ અને વ્યક્તિથી સમષ્ટિનો વિચાર કરી અંત્યોદય ઉત્થાનના આપેલા ચિંતનની વિશદ સમજ આપતા કહ્યું કે, વિદ્યાર્થીઓ દીનદયાળજીની જેમ જીવનમાં લગન, મહેનત, ઈમાનદારીને પોતાનું આદર્શ બનાવવા જોઈએ. મુખ્યમંત્રીએ આ પ્રસંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા કહ્યું કે, જીવનમાં તેમણે ઘણા પડકારોનો સામનો કરવો પડશે પણ કોઈપણ પડકારનો ડર રાખ્યા વિના સામનો કરવાની પડકારને તકમાં પલટવાની ક્ષમતા કેળવે.

આજે ફક્ત પીડીપીયુ જ નહીં, ગુજરાતમાં ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, રક્ષાશક્તિ યુનિવર્સિટી, મરીન યુનિવર્સિટી, લો યુનિવર્સિટી, ટીચર્સ યુનિવર્સિટી, ચિલ્ડ્રન યુનિવર્સિટી, રેલવે યુનિવર્સિટી જેવી બહુવિધ યુનિવર્સિટીઓ આવનારા સમયમાં ગુજરાતને એજ્યુકેશનનું ગ્લોબલ હબ બનાવશે એમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું. વિજય રૂપાણીએ ૨૧મી સદીમાં જ્ઞાન-વિજ્ઞાનની શ્રેષ્ઠતાના અવસરો રાજ્યના યુવાનોને પૂરા પાડવા વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી શરૂ કરી હતી તેની ભૂમિકા આપી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારતના વિઝનને સાકાર કરવામાં પીડીપીયુ શ્રેષ્ઠ યોગદાન આપી રહી છે તેમ તેમણે ગૌરવ સહ જણાવ્યું હતું. ઘણા વર્ષોથી આ સંસ્થા શિક્ષણના ભંડારના રૂપમાં ઉભરી આવી છે. એટલું જ નહીં આ એક એવી સંસ્થા છે જ્યાં વિદ્યાર્થીઓને ગ્લોબલ એક્સપોઝરની સાથે-સાથે, ભારતીય સમાજના મૂલ્યોની શીખ પણ મળે છે.

# વર્ષો જૂની ગિરનારની લીલી પરિક્રમા આ વર્ષે નહીં યોજાય

ગરવા ગિરનારની પરંપરાગત યોજાતી લીલી પરિક્રમા ઉપર કોરોના મહામારીની અસર જોવા મળી છે અને હવે વર્ષોથી યોજાતી જૂનાગઢની લીલી પરિક્રમા બંધ રહેશે. હવે ગિરનારમાં દર વર્ષે દેવદિવાળીના દિવસથી યોજાતી લીલી પરિક્રમાને કોરોનાનું ગ્રહણ લાગી ગયું છે.

દર વર્ષે કારતક સુદ અગીયારસથી યોજાતી ગિરનારની લીલી પરિક્રમા દર વર્ષે લાખો લોકો ઉમટી પડે છે. આ વર્ષે પણ ગિરનારની પરિક્રમા અંગે જિલ્લા કલેક્ટરે જાહેરાત કરી છે કે, જૂનાગઢની લીલી પરિક્રમા કોરોના મહામારીના કારણે બંધ રહેશે.

નૂતન વર્ષાભિનંદન...



ત્રિવેદી અશોષકુમાર જે.
(પત્રકાર, ગાંધીનગર સમાચાર)
ત્રિવેદી દીપીકા એ.
(મો. : ૯૪૨૬૫૨૫૮૨૧)
પ્રેરણા ● રાજદેવ ● હલક
રહેઠાણ :
મેજર સાહેબનું ફાર્મ, મુ. મોટાચેખલા, તા.તલોદ, જિ. સાબરકાંઠા-૩૮૩૩૦૫

નૂતન વર્ષાભિનંદન સહ...
ધી કઠવાડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.
મુ. કઠવાડા, પો. મોઢુકા, તા. તલોદ, જિ. સાબરકાંઠા-૩૮૩૩૦૫
પટેલ જયંતીભાઈ શકરાભાઈ — ચેરમેનશ્રી
પટેલ રાકેશભાઈ હિંમતલાલ — વા. ચેરમેન
પટેલ અંબાલાલ દાનાભાઈ — વ્ય.ક. સભ્ય
પટેલ અંબાલાલ પુંજાભાઈ — ''
પટેલ રમેશભાઈ રણછોડભાઈ — ''
પટેલ અલ્પેશભાઈ રણછોડભાઈ — ''
પટેલ હિરેન જયંતીભાઈ — ''
નાડીયા અમૃતભાઈ છનાભાઈ — ''
પટેલ ચેતનાબેન જયંતીભાઈ — ''
રબારી પુરીબેન જીવણભાઈ — ''
સુથાર પ્રફુલ્લાબેન પ્રમોદચંદ્ર — ''
કર્મચારીગણ
પંચાલ રમેશભાઈ મગનભાઈ — સેક્રેટરી
રબારી નારણભાઈ જક્શીભાઈ — ટેસ્ટર
પરમાર બળવંતસિંહ કુબેરસિંહ — મદદ ટેસ્ટર

'પંચ ત્યાં પરમેશ્વર'
નૂતન વર્ષાભિનંદન...
કઠવાડા ગ્રામ પંચાયત
પટેલ સુરેશભાઈ મગનભાઈ - સરપંચશ્રી
પટેલ મહેશભાઈ અંબાલાલ - ડે. સરપંચ
પટેલ રાકેશભાઈ હિમ્મતલાલ - સભ્ય
પટેલ જયાબેન રમેશભાઈ - સભ્ય
પરમાર રઈલાબેન કચરાભાઈ - સભ્ય
પરમાર કૈલાશબેન દિનેશભાઈ - સભ્ય
દેસાઈ ગીતાબેન જશુભાઈ - સભ્ય
નાડીયા લાલાભાઈ લવજીભાઈ - સભ્ય
વાઘરી રાકેશભાઈ બાબુભાઈ - સભ્ય
તલાટી કમ મંત્રી નિલિનભાઈ ડી. પરમાર
સેવક મુકેશસિંહ

નૂતન વર્ષાભિનંદન સહ...
નિલમ પેટ્રોલિયમ
અમદાવાદ-હરસોલ હાઈવે, હરસોલ, તા. તલોદ, જી. સાબરકાંઠા
ડિલર :- હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી.
બોડાત નિલેશ સુનિલભાઈ
મો.નં. ૯૮૨૪૪૩૦૬૨૦
સ્ટાફ
મગનસિંહ એન. ઝાલા ● જાલમસિંહ એન. ઝાલા ● પ્રવિણસિંહ જે. ઝાલા ● દશરથસિંહ પી. ઝાલા ● કનુસિંહ બી. ઝાલા

નૂતન વર્ષાભિનંદન સહ...
ધી મોટાચેખલા ગ્રૃપ સેવા સહકારી મંડળી લી.
મુ.પો. મોટાચેખલા, તા. તલોદ, જિ. સાબરકાંઠા
૧ પટેલ ગોવિંદભાઈ નાથાભાઈ — ચેરમેનશ્રી
૨ ત્રિવેદી અશેષકુમાર જયંતિભાઈ — વા.ચેરમેનશ્રી
૩ ભરવાડ રમેશભાઈ ભુલાભાઈ — આં. ઓડિટરશ્રી
-: સભ્યશ્રીઓ :-
પંડ્યા મહેશકુમાર વાસુદેવ — પટેલ રમેશભાઈ ધર્માભાઈ
પટેલ ગાંડાભાઈ કાળાભાઈ — પટેલ જસવંતલાલ દ્વારકાદાસ
નાયી રતિલાલ ગાંડાભાઈ — પટેલ કાંતિભાઈ અંબુભાઈ
પટેલ વિઠ્ઠલભાઈ ખેમાભાઈ — પટેલ કરશનભાઈ જીવાભાઈ
ડાભી રાજુસિંહ કેસરીસિંહ — નાડિયા પ્રેમજીભાઈ શીવાભાઈ
સેક્રેટરીશ્રી, જગદીશભાઈ જયંતિભાઈ પટેલ
તોલાટ - સુરેશભાઈ રામાભાઈ પટેલ

મારા માનવંતા મતદાર ભાઈઓ-બહેનો, કાર્યકરો સ્નેહ મિત્રો, સગા-સંબંધી તેમજ શુભેચ્છકોને નવા વર્ષના નૂતન વર્ષાઅભિનંદન સહ...



પરમાર ગજેન્દ્રસિંહ ઉદેસિંહ
ધારાસભ્ય, પ્રાંતિજ વિધાનસભા, ગુજરાત વિધાનસભા
મુ. વક્તાપુર (ઉજેડીયા), પો. ખેરોલ, તા. તલોદ, જિ. સાબરકાંઠા મો.: ૯૪૨૬૭૦૪૦૫૩

નૂતન વર્ષાભિનંદન સહ...
આંતરોલી વાસ દોલજી ગ્રામ પંચાયત
મુ.પો. આંતરોલી વાસ દોલજી, તા. તલોદ, જિ. સાબરકાંઠા
સરપંચશ્રી — ઝાલા ઘનસ્યામસિંહ નટવરસિંહ
ડે. સરપંચશ્રી — ઝાલા રેખાબા રણજીતસિંહ
સભ્યશ્રી — ઝાલા મિત્તલબા નિરવસિંહ
સભ્યશ્રી — ઝાલા લીલાબા હઠીસિંહ
સભ્યશ્રી — ઝાલા જયદીપસિંહ દાનસિંહ
સભ્યશ્રી — પરમાર દિલીપસિંહ દોલતસિંહ
સભ્યશ્રી — ચૌહાણ રાજેન્દ્રસિંહ દીપસિંહ
સભ્યશ્રી — નાડીયા હંસાબેન જીતુભાઈ
તલાટીશ્રી — પટેલ ગેમરભાઈ
પં. સેવક — પરમાર રણજીતસિંહ દાનસિંહ
બો. ઓપરેટર — રાઠોડ બાદરસિંહ લક્ષ્મણસિંહ
કો. ઓપરેટર — રાઠોડ ભારતસિંહ બાદરસિંહ

Rashmi Shah M. 98984 08956
Jigar Amin M. 99988 27829
Happy New Year
Raju Patel M. 98246 39155
Hardik Patel M. 99250 42000
Ganesh Metal INDUSTRIES
Manufacture of : Aluminum Circle & Utensils
Salatpur Char Rasta, Umiyamata Mandir, Talod, (S.K.) Ph. : (O) 02770 - 221813